વડીલોને વંદન અભિનંદન

ચારુબેન. બી. ગાંધી
(૧૯૪૯) ફોન: ૨૩૨૩૧૫૬૮

કાન્તીલાલ એસ. મોદી
(૧૯૩૫) ફોન: ૨૩૨૨૮૪૪૮

કાન્તિભાઈ રા. પટેલ
(૧૯૩૫) મો. ૯૯૨૫૦૦૯૭૧૯

રમણીકલાલ પી. વ્યાસ
(૧૯૨૮) ફોન: ૨૩૨૨૩૦૮૬

કપીલાબેન સી. પટેલ
(૧૯૩૬) ફોન: ૨૩૨૨૨૩૧૮

ડબ્બા ટ્રેડિંગમાં ત્રણ યુવાનો મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા

વિસનગર શહેરમાં ડબ્બા ટ્રેડિંગ કાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં ત્રણ યુવાનોને ૭૨ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા છે. બાતમી મળ્યા બાદ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. દરોડા પાડ્યા બાદ ત્રણ સટ્ટોડિયાઓને શેરબજારના ડબ્બા ટ્રેડિંગના સોદાના કાગળો તથા લેપટોલ અને અન્ય મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા.

માહિતી આયોગને મળેલી અરજીઓમાં આંકડાકીય વિસંગતતા

વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન કુલ ૧૧૩૬૦ અપીલો-ફરિયાદોના સામે માત્ર ૨૬ કિસ્સાઓમાં દંડનીય કાર્યવાહી : જાહેર સત્તા મંડળોને થયેલી અરજીઓની સંખ્યા માત્ર ૨૮૮૯ : મોટા ભાગની અરજીઓ ગ્રામ્ય સ્તરે તલાટી-કમ-મંત્રી પાસેથી માંગેલ વિગતો સંદર્ભે

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના માહિતી આયોગને વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષ દરમિયાન અપીલો અને ફરીયાદોના સંર્ભે માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા કિસ્સામાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે અને માત્ર રૂ. ૪૪૫૦૦૦ની રકમ વસુલવામાં આવી છે. આયોગને પ્રાપ્ત અપીલો-ફરિયાદોમાં સૌથી વધુ જાહેર સત્તા મંડળોને લગતી કામગીરી અંગેની હતી જેમાં નોંધપાત્ર સંખ્યામાં અરજીઓ ગ્રામ્ય સ્તરની મળવા પામી હતી.

માહિતી આયોગને વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં કુલ ૧૧૩૬૦ અપીલો અને ફરીયાદો મળી હતી જેના માટે શ્રેણીબધ્ધ રીતે સુનાવણીઓ હાથ ધરવામાં આવી હતી. વર્ષ દરમિયાન આયોગ દ્વારા સુનાવણી થકી જરુરી ચુકાદા સાથે ૧૧૧૪૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો તે પૈકી માત્ર ૨૬ કિસ્સાઓમાં જ દંડનીય કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો જે અંતર્ગત દંડની કુલ રકમ રૂ. ૪,૪૫,૦૦૦ જેટલી થવા જાય છે.

આયોગ દ્વારા વર્ષ દરમિયાન દંડનીય કાર્યવાહી કરાયેલ ૨૬ કિસ્સામાં અપીલને લગતા ૧૯ કેસ હતા અને ફરિયાદને સંબંધી માત્ર ૭ હતા. આમ નીકાલ કરાયેલ અપીલ સંબંધી ૯૩૯૬ કિસ્સામાંથી ૧૯ કિસ્સામાં અને ફરિયાદ સંબધી ૧૭૫૩ કિસ્સામાંથી માત્ર ૭ કિસ્સામાં દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. આયોગ દ્વારા ગંભીર ક્ષતિયુકત કિસ્સામાં સંબંધિત અધિકારીઓ પાસેથી કુલ રૂ. ૪.૪૫ લાખનો નાણાંકીય દંડ વસુલવામાં આવ્યો હતો અને માદ એક અરજદારને માહિતી અધિકારી-જાહેર સત્તા મંડળ પાસેથી રૂ. ૨૦૦૦નું વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આયોગને મળેલ મોટા ભાગની અરજીઓ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ, પોલિસ સ્ટેશનોની કામગીરી, જિલ્લા કલેકટરની કચેરીઓ, વીજ પુરવઠા કંપનીઓ, જિલ્લા શિક્ષણ કચેરીઓ અને યુનિવર્સિટીઓ વગેરે દ્વારા કરવામાં આવતી કામગીરી અથવા સેવા અંગેની છે.

આ ઉપરાંત સચિવાલયના અમુક વિભાગો અને તેમાં પણ ખાસ કરીને પંચાયત, ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તેમજ આ વિભાગના નિયંત્રણ હેઠળના જાહેર સત્તા મંડળો દ્વારા વર્ષ દરમિયાન આરટીઆઈ અન્વયે મળેલી અરજીઓ ની સરકાર દ્વારા વિકસાવેલ સીસ્ટમમાં અપલોડ કરવામાં આવેલ છે. તેમાં અવાસ્તવિકતા જણાઈ છે. આ વિભાગોમાં ગ્રામ્ય સ્તરે નોંધપાત્ર સંખ્યામાં અરજીઓ મળી છે જેની સંખ્યા ૨૮૮૯ જણાવાઈ છે જેમાં મુખ્યત્વે તલાટી-કમ મંત્રી પાસેથી માંગેલી વિગતો સંદર્ભેની છે. જાહેર સત્તા મંડળોની વિશાળ સંખ્યા જોતા અને આયોગને વર્ષ દરમિયાન મળતી આશરે ૧૪૦થી વધારે અરજીઓના સીસ્ટમમાં કરાયેલ ઉલ્લેખ જોતા વિભાગ દ્વારા દર્શાવાયેલ ૨૮૮૯ની સંખ્યા શંકાસ્પદ છે જે ઘણી ઓછી છે જેની આયોગે ગંભીર નોંધ લીધી છે.

પોરબંદરમાં કોન્સ્ટેબલ સામે ગુનો દાખલ કરાયો

પોરબંદર, તા.૪

ચારેક દિવસ પહેલા એલ સીબીના કોન્સ્ટેબલ દ્વારા વેપારી પાસેથી ૫૦ હજારની લાંચ લેતા તે એસીબીના છટકામાં આવી ગયેલ અને મોકો જોઈને નાસી છૂટયો હતો. તેની તપાસ માટે એન્ટીકરપશન બ્યુરોએ સઘન તપાસ કરી પુરાવા એકત્ર કરીને સ્થાનિક ગુન્હો શોધક શાખાના કોન્સ્ટેબલ અને આરોપી અરજન ઓડેદરા સામે ૫૦ હજારની લાંચ લેવાનો ગુન્હો નોંધાયો છે. મોબાઈલ મેસેજ અને કોલ ડીટેઈલના પુરાવાના આધારે ગુન્હો નોંધાવામાં આવ્યો છે. ભોમિયાવદરમાં રહેતા આરોપી રમણીય દેવા ગોરાણિયા વિરુદ્ધ ગુનો નોંધાયો હોવાથી પોલીસમાં હાજર થવા અને માર નહી મારવા તથા ખોટી રીતે પરેશાન નહી કરવા બાબતે ૫૦ હજારની માંગણી કોન્સ્ટેબલ આરોપીએ કરી હતી. પરંતુ આ વેપારી આરોપીની આર્થિક પરિસ્થિતિ ન હોવાથી એન્ટીકરપ્શન બ્યુરોને જાણ કરી અને એસીબીએ કોન્સ્ટેબલ આરોપીને સંકજામાં લાવવા પ્લાન કર્યો હતો. પરંતુ આરોપી કોન્સ્ટેબલ આંખમાં ધૂળ નાખી નાસી છૂટયો હતો. એસીબીના પીએસઆઈએ ગુન્હો દાખલ કરીને આ દિશામાં સઘન તપાસ હાથ ધરી છે. પરંતુ આરોપી કોન્સ્ટેબલ જામીન મેળવવા તજવીજ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રધામ શામળાજીના મંદિરમાં આજે ચૈત્ર પુનમના દિવસે શામળીયા ભગવાનના દર્શન કરવા યાત્રિકોનો વહેલી સવારથી ભારે ધસારો જોવા મળ્યો હતો. ચૈત્રી પુનમને લઈ યાત્રિકો માટે દર્શન કરવામાં વિશેષ સુવિધા કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શામળાજી મંદિરમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા ચૈત્ર પુનમના દિવસે શામળાજીમાં લોકમેળો ભરાતો હોઈ ભકતજનોએ મેળાનો પણ લુફત ઉઠાવ્યો હતો. (તસવીર : ધ્રુવ પ્રણામી)

બાયડ નજીક ટ્રકની ટકકરે બાઈક સવાર ત્રણના મોત : ટ્રક ચાલક ફરાર

મોડાસા, તા.૪

બાયડ નજીક પુલ પર બપોરના સમયે અજાણ્યા ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટકકર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટના સ્થળે જ બે મહિલા અને એક પુરુષ સહિત ત્રણના કરૂણ મોત નિપજયા હતા. આ સંદર્ભે બાયડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર બાયડ તાલુકાના સાઠંબાના લાલપુરના લાલભાઈ સમાભાઈ પરમાર (ઉ.વ.૨૬) પોતાના બાઈક નં. જીજે-૭-બીસી ૪૬૮૯ પર બે મહિલાને બેસાડી લાલપુરથી કપડવંજ માર્ગ પર જઈ રહ્યા હતા દરમિયાન બાયડ નજીક પુલ પાસે વૈષ્ણોદેવી મંદિર નજીક પાછળથી દોડી આવતી એક અજાણી ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટકકર મારતા ત્રણેય બાઈક સવાર માર્ગમાં જ ફંગોળાઈ ગયા હતા અને માથા તેમજ શરીરના ભાગે ઈજાઓ થતા લોહીયાળ હાલતમાં ત્રણેય બાઈક સવારનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. જયારે અકસ્માત સર્જી ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અકસ્માત અંગે બાયડ પોલીસને જાણ થતા પોલીસ ટીમ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ત્રણેય મૃતકોના મૃતદેહને બાયડ સિવિલમાં પીએમ અર્થે મોકલી આપ્યા હતા.

બાયડ પોલીસ સ્ટેશને આ અકસ્માત અંગે ભેમાભાઈ કાળાભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ બાયડ સર્કલ પી.આઈ. એચ.જે. બેંકર ચલાવી રહ્યા છે.

કોંગ્રેસ ગુજકોકના વિરોધમાં સોમવારે રાજ્યપાલશ્રીને આવેદનપત્ર આપશે

વિપક્ષ કોંગ્રેસ દ્વારા સોમવારે રાજ્યપાલશ્રીને આવેદનપત્ર આપીને ગુજકોક વિધેયકને મંજુરી નહી આપવા માટેની રજુઆત કરીને આ કાયદા સામે વિરોધ વ્યક્ત કરવામાં આવશે.

ગાંધીનગર, તા. ૪

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં રાજ્ય સરકાર દ્વારા આતંકવાદ અને ઓર્ગેનાઈઝડ કાર્યક્રમને અટકાવવા માટે કડક જોગવાઈઓ સાથેનો કાયદો ઘડતુ એક વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

આ કાયદાનો વિપક્ષ કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કાયદામાં કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓ દૂર કરવાની પણ માંગણી કરવામાં આવી છે.

આ કાયદાનો વિરોધ વ્યક્ત કરવા માટે સોમવાર પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં કોંગ્રેસના ધારાસભ્યોની સોમવારે એક બેઠક મળનારી છે. ત્યાર બાદ વિપક્ષી નેતા શંકરસિંહની આગેવાની હેઠળ કોંગ્રેસના ધારાસભ્યોનું પ્રતિનિધિ મંડળ રાજ્યપાલશ્રીને મળશે અને વિધાનસભામાં રાજ્ય સરકાર દ્વારા પસાર કરવામાં આવેલ ગુજકોક વિધેયકનો વિરોધ વ્યક્ત કરીને આ વિધેયકને મંજુરી ન આપવા અને પુનઃ વિચારણા માટે રાજ્ય સરકારને પરત મોકલવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અરવલ્લી જિલ્લા કૃષિ મહોત્સવ આયોજન અંગે બેઠક યોજાઈ

આગામી ૨૧મી એપ્રિલથી શરૂ થનારો કૃષિ મહોત્સવ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં આગામી તા. ૨૧મી એપ્રિલથી શરૂ થનારો કૃષિ મહોત્સવના આયોજનની બેઠક જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ બેઠકમાં કલેક્ટર દ્વારા વિવિધ ખાતા કચેરીઓ દ્વારા કરવાની થતી કામગીરીની જાણકારી આપી કૃષિ મહોત્સવના આયોજન સફળતાપૂર્વક થાય તે માટે આગોતરા આયોજન કરી લેવાની સુચનાઓ આપી હતી. તેમજ સોંપવામાં આવેલ કામગીરીમાં કોઈ પ્રશ્નો ઉપસ્થિત ન થાય અને ખેડૂતોના વીજ વિષયક, ખાતર-બિયારણ સમયસર ઉપલબ્ધ થાય તથા કયા પ્રકારના પ્રશ્નો છે તેની માહિતી મેળવી કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન માર્ગદર્શન-નિરાકરણ માટે આગોતરૂ આયોજન કરવા જણાવ્યું હતું. તેમજ કાર્યક્રમના સ્થળે ખેડૂતોના આધારકાર્ડ અને બેંક ખાતા ખોલવા સંદર્ભે સ્થળ પર વ્યવસ્થા ગોઠવવા સંબંધિત અધિકારીઓને જિલ્લા કલેક્ટર દ્વારા સૂચવાયું હતું.

આગામી કૃષિ મહોત્સવમાં જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો મુજબ ગામો પસંદ કરી તેમાં બે દિવસ માટે કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરાશે. પ્રથમ દિવસે નિદર્શન હેઠળ પસંદગી પામેલ ખેડૂતોના નામોની જાહેરાત, સેમિનારમાં તજજ્ઞોના લેકચર અને કૃષિ, બાગાયાત, પશુપાલનને લગતી પ્રશ્નોત્તરી, સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો, પશુપાલકોના અનુભવોનું આદાન-પ્રદાન, સહાયના ચેક અને મંજુરી પત્રોનું વિતરણ, પ્રદર્શન-કમ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન, કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ પર વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રશ્નોત્તરી, જુદી જુદી કંપનીઓ દ્વારા વિસ્તારને અનુરૂપ સાધનોનું નિદર્શન, ખેતીના ઈનપુટનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવસે.

કલેક્ટરે કમોસમી માવઠાને લીધે જિલ્લાના જે તાલુકાઓના ગામોમાં ખેડૂતોને ખેતી પાકમાં ૨૫ ટકા કે તેથી વધુ નુકશાની થઈ હોય તેને વળતર આપવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ હોય તેવા ગામોના સર્વે કરી તાત્કાલિક રિપોર્ટ રજુ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સુચનાઓ આપી હતી.

બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વી.એમ. બથારે મહોત્સવની ઉજવણીમાં કરવાની થતી કામગીરીની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધિર પટેલ, જિલ્લા પોલીસ વડાશ્રી મયુર ચાવડા, પ્રોબેશનલ આઈએએસ શ્રી મનિષકુમાર, અધિક કલેક્ટરશ્રી તથા સર્વે પ્રાંત અધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ સંબંધિત ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસામાં વાતાવરણમાં પલટો ધુળની ડમરીઓ ઉડી

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો આવી વાદળછાયુ વાતાવરણની સાથે પવન ફૂંકાવાનો શરૂ થતાં શહેરના જાહેર માર્ગો પર ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. અચાનક વાતાવરણમાં થયેલા પલટાથી વાતાવરણમાં ઠંડી લહેર પ્રસરી હતી. ધુળની ડમરી ઉડવા લાગતાં જાહેર માર્ગો પર આવેલી દુકાનોની હાલત કફોડી બની ગઈ હતી. (તસવીર : જય અમીન)

કારમાંથી ૨.૩૭ લાખનો દારૂ કબજે : ચાલક ફરાર

પારડી હાઈવે ચાર રસ્તા ફલાઈ ઓવર બ્રિજ પાસેથી ગઈ કાલે સવારે લોકલ કાઈમ બ્રાંચ વલસાડે ૨.૩૭ લાખના દારૂનો જથ્થો પસાર થતી ઈનોવા કાર પકડી પાડી હતી. જો કે તેનો ચાલક ફરાર થવામાં સફળ રહ્યો હતો. લોકલ કાઈમ બ્રાંચ વલસાડના પીએસઆઈ તથા સ્ટાફના જવાનોએ ગઈકાલે પારડી-હાઈવે ચાર રસ્તા ફલાઈ ઓવર ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થનારી ઈનોવા કાર જી જે ૧૫ બીબી ૩૭૩૮ને રોકવાનો પ્રયાસ કરતા તેના ચાલકે કાર રોડ સાઈડ છોડી ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા અંદર ૨૫૦૦ બોટલ દમણા બનાવટનો વગર પાસ પરમીટનો દારૂનો કિ.રૂ. ૨.૩૭.૨૦૦ની કિંમતની દારૂનો જથ્થો મળી આવ્યો છે.

શબ્દાવલી - ૫૬૯૧

૧	૨	૩	■	૪	૫	૬	
■	૭		૮				■
૯	■	૧૦			■	૧૧	૧૨
૧૩	૧૪	■		■	૧૫		
૧૬		■	૧૭	૧૮		■	
■	૧૯	૨૦	■	૨૧		૨૨	■
૨૩	■	૨૪	૨૫		■	૨૬	૨૭
	■	૨૮			■	૨૯	

આડી ચાવી

૧. દૃષ્ટિ મર્યાદા, આંખને દૂર પૃથ્વી અને આકાશ એક થતું દેખાય તે રેખા (૩)
૪. પેપર, સમાચાર (૪)
૭. વધુ થીંગડાવાળુ (૬)
૧૦. તણખલુ (૩)
૧૧. કાજળ (૨)
૧૩. મોકો, લાગ (૨)
૧૫. લાજ, મલાજો (૩)
૧૬. આવડત, કળા (૨)
૧૭. અપમૃત્યુ (૩)
૧૯. ટાંકણી, સ્ત્રીઓ માથામાં નાખે (૨)
૨૧. માચીસ (૩)
૨૪. લોયુ, એક પ્રકારનું વાસણ (૨)
૨૬. સોનુ, કંચન (૨)
૨૮. એક અત્યંત ઝેરી પદાર્થ(૨)
૨૯. મગ્ન, તલ્લીન (૨)

ઊભી ચાવી

૨. છિંદું મહિનાનો દિવસ, મીતી (૨)
૩. દુનિયા, વર્લ્ડ (૩)
૪. મીઠા-મસાલામાં આથી રાખેલ ફળ કે મૂળ (૩)
૫. પક્ષી, પંખી (૨)
૬. રાજસ્થાનનું એક શહેર(૪)
૮. બીકણ, ડરકણ (૪)
૯. એક પક્ષી કે જે વરસાદના ટીપા પીને જ રહે છે (૩)
૧૨. સ્વપ્ન, સપનું (૩)
૧૪. એક કવિનું ઉપનામ, મોર(૩)
૧૫. સો (૧૦૦) ને કહેવાય(૩)
૧૮. ... વાન અથવા ફોન પણ કહેવાય (૪)
૨૦. આકૃતિમાં દોલેલ જમીનનો આલેખ (૩)
૨૩. દેવ સ્થાન (૨)
૨૫. દઝાડવું તે (૨)
૨૭. દિલ, ઇચ્છા (૨)

શબ્દાવલી ૫૬૯૦ના જવાબ

આડી ચાવી :- (૧) થોકબંધ (૬) જાપતો (૮) કુમક (૧૦) બેલ (૧૧) શાયર (૧૨) ગમ (૧૩) દાનવીર (૧૫) તાસીર (૧૬) આકા (૧૯) કુશળ (૨૦) વહેમી (૨૧) ખાખરો

ઊભી ચાવી :- (૨) કસમય (૩) ધજા (૪) વાતો (૫) વહાલમ (૭) પરમવીર (૮) કુશાગ્ર (૯) કરદાતા (૧૦) બેગ (૧૪) નસીબ (૧૬) આશરો (૧૭) કાળ (૧૮) ભાવ (૧૯) કુખ

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, સેક્ટર-૭, ગાંધીનગર સંચાલિત ૫૦૦ છાત્રાઓ ધરાવતી હોસ્ટેલ માટે **ગૃહમાતા** તથા **રસોઈયા**ની જરૂર હોઈ અનુભવના પ્રમાણપત્રો સાથે દિન-૭માં અરજી કરવી.
પ્રમુખ/મંત્રી

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ